ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ઉ.મા.પ્ર.પરીક્ષા, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ, માર્ચ-૨૦૧૮ ની માર્કશીટ/પ્રમાણપત્ર તથા ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૧૮ ની માર્કશીટનું વિતરણ જિલ્લા વિતરણ સ્થળો ઉપર તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ સવારે ૧૧-૦૦ કલાક થી ૧૬-૦૦ કલાક દરમ્યાન વિતરણ થનાર છે. તો રાજ્યની વિજ્ઞાન પ્રવાહની ઉ.મા.શાળાના આચાર્યશ્રીઓને વિનંતી કે પોતાની શાળાની માર્કશીટ/પ્રમાણપત્ર મુખત્યાર પત્ર રજૂ કરી મેળવી લેવાની રહેશે.

ગુજરાત બોર્ડ સિવાયના અન્ય ઉમેદવારોની ગુજકેટની માર્કશીટ ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે વિજ્ઞાન પ્રવાહ તથા ગુજકેટ-૨૦૧૮ નું પરીણામ તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ સવારના ૦૯-૦૦ કલાકે બોર્ડની વેબસાઈટ **www.gseb.org** ઉપર મૂકવામાં આવશે. જેની વાલીઓએ/વિદ્યાર્થીઓએ/શાળાઓએ નોંધ લેવી.

તા :- ૦૮/૦૫/૨૦૧૮

સ્થળ :- ગાંધીનગર.

(આર.એચ.જુણેજીયા)
પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.